| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૧૧ | ૦૩ | ૨૦૧૯ |
| દાખલ તારીખ : | ૧૧ | ૦૩ | ૨૦૧૯ |
| ફેસલ તારીખ : | ૨૨ | ૦૮ | ૨૦૧૯ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૫ | ૧૧ |

## જુનાગઢનાં મહે. કામદાર વળતર ધારાનાં કમિશ્નરશ્રી

## એ. એમ. શેખ સાહેબ સમક્ષ, મુ.જુનાગઢ.

**વર્કમેન કોમ્પે.નોન ફેટલ કેસ નં.૧/ ૨૦૧૯**

**આંક–૩૨**

**અરજદાર :–** ગોરધનભાઈ બેચરભાઈ લુવાર,
ઉ.વ.આ.૫૦, ધંધો: મજુરી,
રહે. કેશોદ, જી.જુનાગઢ

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા :–** ગીરીશભાઈ ચુનીલાલ નથવાણી – માલીક
ઉ.વ. પુખ્ત, ધંધો: વેપાર,
રહે. સુતારવાવ પાસે, કેશોદ , જી.જુનાગઢ

**બાબત:** વ.કો. એકટ મુજબ વળતર મળવા અંગે..

........................................................................................

**અરજદાર તરફે** : વિ.વ.શ્રી બી.એલ.સીંધવા

**સામાવાળા તરફે** : વિ.વ.શ્રી આર.ડી.પારેખ

........................................................................................

**–:: હુ ક મ ::–**

(૧) અરજદારે હાલની અરજી કરતા અગાઉ વળતર અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે વ.કો.પરચુરણ અરજી નં.૧૧૩/૨૦૧૧ તા.૧૮/૧૦/૨૦૧૧ ના રોજ દાખલ કરેલ જે કામે પુરાવાના તબકકે અરજદાર હાજર ન રહે તો અરજદારની ગેરહાજરી અને પુરાવાના અભાવે સદર અરજી તા.૦૯/૦૨/૨૦૧૭ ના રોજ ડીસમીસ

ફોર ડીફોલ્ટ કરવામાં આવેલ. ત્યારબાદ અરજદારે સદરહુ ડીલે અરજી ફરી ફાઈલે લેવા વ.કો.પરચુરણ અરજી નં.૪/૨૦૧૮ દાખલ કરેલ જે કામે બંને પક્ષકારોને સાંભળી નામદાર કોર્ટે સદર અરજી મંજુર કરી, અરજદારની અગાઉની વ.કો.પરચુરણ અરજી નં.૧૧૩/૨૦૧૧ ફરી ફાઈલે લેવાનો હુકમ કરી, અરજદારે સામાવાળાને ખર્ચના રૂા.૧,૦૦૦/– ચુકવવાનો તા.૦૬/૧૦/૨૦૧૮ ના રોજ હુકમ કરેલ જે હુકમ મુજબ અરજદારે ખર્ચની રકમ નામદાર કોર્ટમાં જમા કરાવતા, વ.કો.પરચુરણ અરજી નં.૧૧૩/૨૦૧૧ તા.૧૮/૧૨/૨૦૧૮ ના રોજ ફરી ફાઈલે લેવામાં આવેલ જે કામે બંને પક્ષકારોનો પુરાવો નોંધી, સાંભળી, સદરહુ વિલંબ માફની અરજી મંજુર કરી, વળતર અરજી વ.કો.નોન ફેટલ કેસ રજીસ્ટરે લેવાનો તા.૦૭/૦૩/૨૦૧૯ ના રોજ હુકમ કરેલ જે હુકમ મુજબ હાલની વળતર અરજી આ કામના અરજદાર ગોરધનભાઈ બેચરભાઈ લુવાર તર્ફે તેઓને તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ થયેલ અકસ્માત ઈજા બદલ આ કામના સામાવાળા પાસેથી વ.કો.એકટ, ૧૯૨૩ ની જોગવાઈઓ મુજબ વળતર મેળવવા તા.૧૧/૦૩/૨૦૧૯ ના રોજ અત્રેની વર્કમેન કમિશ્નરશ્રીની કોર્ટમાં દાખલ કરેલ છે.

**૧.૧)** આ કામે આંક–૧ થી રજુ અરજદારની વળતર અરજીની ટૂકંમાં વિગતો વંચાણે લેતા, આ કામના અરજદાર સામાવાળાને ત્યાં તેમના ગોદામમાં ઉપરના ભાગે પતરા ચડાવવાના હોય,મજુરીએ આવેલા અને સામાવાળા તરફથી તેઓને રોજના રૂા.૨૦૦/– લેખે માસિક રૂા.૬,૦૦૦/– થી મજુરી ચુકવતા હતા અને તે રીતે તેઓ તથા સામાવાળા વચ્ચે મજુર માલીકનો સબંધ હતો.

**૧.૨)** વધુમાં તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ અરજદાર સામાવાળાના ગોદામમાં ઉપરના ભાગે પતરા ચડાવતા હતા ત્યારે પતરા ફીટ કરતા એકાએક પતરૂ તુટતા અરજદાર નીચે પડતા, તેઓને ગંભીર પ્રકારની ઈજાઓ થતા, તાત્કાલીક કેશોદ સરકારી દવાખાને પ્રાથમિક સારવાર લઈ તરતજ જુનાગઢ સરકારી દવાખાને વિશેષ સારવાર માટે દાખલ થયેલ જયાં અરજદારને ડાબા હાથમાં ફ્રેકચર હોય, ઓપરેશન કરી, સળીયા ફીટ કરેલ

તથા ભુજામાં અને ડાબા હાથના કાંડામાં પણ ફ્રેકચર હોય, પ્લાસ્ટરનો બે માસનો પાટો બાંધેલ. કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબ કોઈપણ કામદારને ઈજા થાય અને કોઈ કાયમી શારીરીક ખોડ ખાપણ રહી જાય તો માલીકે અરજદારને વળતર ચુકવવાની જવાબદારી થાય છે પરંતુ અરજદારના કીસ્સામાં માલીકે કોઈપણ પ્રકારનુ વળતર ચુકવેલ નથી. વધુમાં અરજદારની અકસ્માત સમયે ઉમર ૫૦ વર્ષ તથા રોજના રૂા.૨૦૦/– થી મજુરીકામ કરતા હતા તથા કાયદાની જોગવાઈ મુજબ વધુમાં વધુ પગાર રૂા.૨૦૦૦/– ગણતા, તેના ૬૦% કરતા રૂા.૧૨૦૦/– × ૫૦% કાયમી ખોડ ગણતા રૂા.૬૦૦/– × ૧૫૩.૦૯ ફેકટર ગણતા રૂા.૯૧,૮૫૪/– નુકશાન વળતર મેળવવા અરજદાર હકકદાર છે તેમજ અકસ્માતમાં થયેલ ઈજાઓની સારવાર, દવા ઓપરેશન વગેરે પાછળ થયેલ ખર્ચ એમ કુલ મળી રૂા.૧,૫૦,૦૦૦/– મેળવવા હકકદાર છે. અરજદારે કાયદા મુજબ વકીલ મારફત નોટીસ રજીસ્ટર્ડ એડીથી સામાવાળાને આપેલ જે મળી જતા, સામાવાળા તરફથી ઉડાઉ જવાબ આપેલ છે તથા અકસ્માત બનાવની જાણ હોવા છતા કોઈ વળતર ન ચુકવતા પેનલ્ટીની રકમ પણ ચુકવવા સામાવાળા જવાબદાર થયેલ છે. જેથી હાલની વળતર અરજી લાવી દાદ માંગેલ છે કે, આ કામના સામાવાળા પાસેથી અરજદારને રૂા.૧,૫૦,૦૦૦/– પુરા અકસ્માતની તારીખથી ૧૨% ચડત વ્યાજ સાથે વસુલ અપાવવા તથા સામાવાળાએ સમયસર વળતરની રકમ આપેલ નહી કે જમા કરાવેલ ન હોવાથી ૫૦% પેનલ્ટીની રકમ અપાવવા તથા અરજીનું તમામ ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૨) આ કામે અરજદારની વળતર અરજી પરત્વે સામાવાળાને અત્રેની કોર્ટથી નોટીસ ઈસ્યુ કરતાં, સદરહું નોટીસ સામાવાળાને ધારાસર બજી જતાં, સામાવાળા તેમના વકીલ મારફત હાજર થયેલ છે અને આંક–૭ થી અરજદારની વળતર અરજીનો જવાબ રજુ કરેલ છે. જેની ટુંકમાં હકિકત એવી છે કે, અરજદારની અરજી ઉપજાવી કાઢેલ હકિકતોવાળી હોય રદ થવાને પાત્ર છે. વધુમાં, અરજદારની અરજી પેરામાં સ્પષ્ટ કબુલ કર્યા સીવાયની હકિકતોનો ઈન્કાર કરવામાં આવે છે. તેમજ અરજદારની અરજીમાં

માંગેલ દાદ અગર તો કોઈપણ વળતર માંગવા કે મેળવવા હકકદાર હોવાનું કબુલ કરવામાં આવતુ નથી. વધુમાં, ખરી હકિકતે જણાવેલ છે કે, તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ આ કામના અરજદાર જે મોટી ઉમરના ૬૫ વર્ષના છે તેઓને સાથે લઈ ગોડાઉનના ભોયતળીયે કબુતરોની ચરક તેમજ મગફળીના ફોતરા અને ધુળ ઘણા વખતથી પડેલ હોય તે સાફ કરવા મજુરી નકકી કરવા ગોડાઉન અને જગ્યા બતાવવા ગયેલ. સદર ગોડાઉન ઘણા વર્ષોથી બંધ અને જર્જરીત હાલતમાં હોય, અચાનક પતરૂ પડતા, અરજદારને હાથ ઉપર લાગેલ અને સામાવાળા માંડ માંડ બચેલા જેથી ૧૦૮ માં ફોન કરી, એમ્બ્યુલન્સ મંગાવી કેશોદ સરકારી દવાખાને તથા ત્યારબાદ જુનાગઢ સરકારી દવાખાને લઈ ગયેલ તથા તેઓએ દવા સારવારના રૂા.૧૫૦૦/– ખર્ચ માટે આપેલા. વધુમાં અરજદારે ઘણા લાંબા સમય આશરે ત્રણ વર્ષ બાદ નોટીસ આપેલ તથા તે અંગે અરજદારને પુછતા, જણાવેલ કે આવી કોઈ નોટીસ આપેલ નથી કે કોઈ કેસ કરવો નથી જેથી નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આમ, ઉપરોકત તમામ હકિકતો લક્ષમાં લઈ અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે અરજદારની અરજી તથા સામાવાળાઓ તરફે રજુ થયેલ જવાબ તથા દસ્તાવેજી પુરાવાઓની હકિકતો ઘ્યાને રાખી, અરજદારની વળતર અરજીના ન્યાયીક નિર્ણય માટે આંક–૨૨ થી મારા પુરોગામી વિ. કમિશ્નરશ્રીએ નીચે મુજબના મુદાઓ ઘડેલ છે.

## <u>– : : મુદાઓ : : –</u>

(૧) આ કામના અરજદારને થયેલ અકસ્માત સમયે તેઓ અને સામાવાળા વચ્ચે કામદાર માલિકના સબંધો હોવાનું અરજદાર તરફે પુરવાર કરવામાં આવેલ છે કે કેમ ?

(૨) અરજદારને થયેલ અકસ્માત સામાવાળાની નોકરીની ફરજ દરમ્યાન થયેલ હોવાનું અરજદાર તરફે પુરવાર કરવામાં આવેલ છે કે કેમ ?

(૩) અરજદારને થયેલ અકસ્માત સમયે તેઓની **<u>ઉમર ૫૦</u>** વર્ષની હોવાનું

તથા તે સમયે તેઓને માસિક પગાર **<u>રૂા.૬,૦૦૦/-</u>** મળતો હોવાનુ તેઓ તરફે પુરવાર કરવામાં આવેલ છે કે કેમ ?

(૪) અરજદારને થયેલ અકસ્માતના કારણે તેઓને **<u>૧૦૦%</u>** કાયમી ખોડ આવેલ છે તેવી હકિકત તેઓ તરફે પુરવાર કરવામાં આવેલ છે કે કેમ ?

(૫) અરજદારને થયેલ અકસ્માત અંગે કામદાર વળતર અધિનિયમની જોગવાઈઓ મુજબ અરજદાર કેટલી વળતરની રકમ મેળવવા હકદાર થાય છે અને જો હા, તો આ કામે સામાવાળા કેટલી રકમ ચુકવવા જવાબદાર થાય છે ?

(૬) આ કામે સામાવાળા અરજદારને વ્યાજ અને દંડની રકમ ચુકવવા જવાબદાર થાય છે કે કેમ ? જો હા હોય તો વ્યાજ અને દંડની રકમ કેટલી ચુકવવા જવાબદાર થાય છે ?

(૭) શું હુકમ કરવો જોઈએ ?

**(૪)** ઉપરોકત મુદાઓનાં મારા તારણો તથા કારણો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **મુદા નં. ૧ નો જવાબ** | **:-** | **હકારમાં,** |
| **મુદા નં. ૨ નો જવાબ** | **:-** | **હકારમાં,** |
| **મુદા નં. ૩ નો જવાબ** | **:-** | **અંશત: હકારમાં, ઉ.વ.૫૬ તથા માસિક પગાર રૂા.૪,૦૦૦/-** |
| **મુદા નં. ૪ નો જવાબ** | **:-** | **અંશત: હકારમાં, કાયમી ખોડ ૨૦ %** |
| **મુદા નં. ૫ નો જવાબ** | **:-** | **હકારમાં, આખરી હુકમ મુજબ** |
| **મુદા નં. ૬ નો જવાબ** | **:-** | **હકારમાં, આખરી હુકમ મુજબ** |
| **મુદા નં. ૭ નો જવાબ** | **:-** | **આખરી હુકમ મુજબ.** |

(૫) આ કામમાં પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં અરજદાર તરફે અરજીનાં સમર્થનમાં નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

| **<u>અરજદાર તરફે મૌખિક પુરાવો</u>** | | |
|---|---|---|
| **<u>ક્રમ</u>** | **<u>આંક</u>** | **<u>સાહેદનું નામ</u>** |
| ૧ | ૯ | અરજદાર ગોરધનભાઈ બેચરભાઈ લુવારનુ પુરાવાનુ સોગંદનામું |

| **<u>અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો:</u>** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** | **તારીખ** |
| 1 | 16 | વર્કમેન કેસ નં.૧૧૩/૨૦૧૧ ના દ.પુ.લીસ્ટની નકલ | 24/01/19 |
| 2 | 17 | અરજદારને ઈજા થયેલ જગ્યાના પંચનામાની નકલ | 21/07/09 |
| 3 | 18 | સિવિલ હોસ્પિટલ,જુનાગઢનુ સારવાર સ ર્ટીફીકેટની નકલ | 11/09/09 |
| 4 | 19 | અરજદારનુ કાયમી ખોડના સર્ટીફીકેટની નકલ | 24/01/19 |
| 5 | 20 | અરજદારે સામાવાળાને આપેલ નોટીસની નકલ | 18/11/09 |
| 6 | 21 | અરજદારે નોટીસ યુપીસીથી મોકલ્યાની પાવતીની નકલ | 18/11/09 |
| 7 | 22 | અરજદારે આપેલ નોટીસ સામાવાળાને બજયા અંગેની એકનોલેજમેન્ટની નકલ | 19/11/09 |
| 8 | 23 | અરજદારે સામાવાળાને નોટીસ રજીસ્ટર્ડ એડીથી મોકલ્યાની પાવતીની નકલ | 18/11/09 |

વધુમાં, આ કામે અરજદાર તરફે આંક–૧૪ થી ૪૦% કાયમી ખોડ અડધી ગણવા એટલે કે ૨૦% ગણવા પુરસીસથી જાહેર કરેલ છે તેમજ આંક–૨૫ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

૫.૧) વધુમાં, આ કામે સામાવાળા તરફે નીચે મુજબનો મૌખીક દસ્તાવેજો રજુ કરેલ છે.

| **<u>સામાવાળા તરફે મૌખીક પુરાવો:</u>** | | |
|---|---|---|
| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
| ૧ | ૨૬ | સામાવાળા ગીરીશભાઈ ચુનીભાઈ નથવાણીનુ પુરાવાનુ સોગંદનામું |

વધુમાં આ કામે સામાવાળા તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી તથા આંક–૩૦ થી સામાવાળા તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

૫.૩) આ કામે અરજદારના વિ.વ.શ્રી તરફે મૌખિક દલીલ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર સામાવાળાને ત્યાં તેમના ગોદામમાં ઉપરના ભાગે પતરા ચડાવવાના હોય,મજુરીએ આવેલા અને સામાવાળા તરફથી તેઓને રોજના રૂા.૨૦૦/– લેખે માસિક રૂા.૬,૦૦૦/– થી મજુરી ચુકવતા હતા અને તે રીતે તેઓ તથા સામાવાળા વચ્ચે મજુર માલીકનો સબંધ હતો. વધુમાં તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ અરજદાર સામાવાળાના ગોદામમાં ઉપરના ભાગે પતરા ચડાવતા હતા ત્યારે પતરા ફીટ કરતા એકાએક પતરૂ તુટતા અરજદાર નીચે પડતા, તેઓને ગંભીર પ્રકારની ઈજાઓ થતા, તાત્કાલીક કેશોદ સરકારી દવાખાને પ્રાથમિક સારવાર લઈ તરતજ જુનાગઢ સરકારી દવાખાને વિશેષ સારવાર માટે દાખલ થયેલ જયાં અરજદારને ડાબા હાથમાં ફ્રેકચર હોય, ઓપરેશન કરી, સળીયા ફીટ કરેલ તથા ભુજામાં અને ડાબા હાથના કાંડામાં પણ ફ્રેકચર હોય, પ્લાસ્ટરનો બે માસનો પાટો બાંધેલ. કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબ કોઈપણ કામદારને ઈજા થાય અને કોઈ કાયમી શારીરીક ખોડ ખાપણ રહી જાય તો માલીકે અરજદારને વળતર ચુકવવાની જવાબદારી થાય છે પરંતુ અરજદારના કીસ્સામાં માલીકે કોઈપણ પ્રકારનુ વળતર ચુકવેલ નથી. વધુમાં અરજદારની અકસ્માત સમયે ઉમર ૫૦ વર્ષ તથા રોજના રૂા.૨૦૦/– થી મજુરીકામ કરતા હોય, રૂા.૯૧,૮૫૪/– નુકશાન વળતર તેમજ અકસ્માતમાં થયેલ ઈજાઓની સારવાર, દવા ઓપરેશન વગેરે પાછળ થયેલ ખર્ચ તે તમામ મળી કુલ રૂા.૧,૫૦,૦૦૦/– મેળવવા હકકદાર છે. અરજદારે કાયદા મુજબ વકીલ મારફત નોટીસ રજીસ્ટર્ડ એડીથી સામાવાળાને આપેલ જે મળી જવા છતા સામાવાળાએ તેનો

કોઈ જવાબ નથી તથા અકસ્માત બનાવની જાણ હોવા છતા કોઈ વળતર ન ચુકવતા પેનલ્ટીની રકમ પણ ચુકવવા સામાવાળા જવાબદાર થયેલ છે.

વધુમાં એવી દલીલ કરેલ છે કે અરજદારે આંક-૧ ની અરજી સાબીત કરવા માટે આંક-૯ થી પુરાવાનુ સોગંદનામું તથા આંક-૧૬ થી આંક-૨૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા જે અસલ દસ્તાવેજી પુરાવા વિલંબ માફની અરજીના કારણે રજુ કરેલ હોય, તેની ખરી નકલ આ કામે રજુ કરેલ છે. વધુમાં સામાવાળાએ નોટીસ મળી તે વખતે કામદાર માલીકના સબંધ અંગે કોઈ તકરાર કરેલ નથી. અરજદારને થયેલ ઈજા બાબતે કેશોદ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ એન્ટ્રી દાખલ થયેલી અને ગુનાવાળી જગ્યાનુ પંચનામું થયેલ જે પંચનામા ઉપરથી અરજદાર સામાવાળાના ગોદામમાં પતરા ફીટ કરવાનુ કામ કરતા, પતરા તુટી જતા પડી જતા ઈજા થયેલ હોવાનુ સાબીત થાય છે. અરજદાર જુનાગઢ સરકારી દવાખાનામાં તા.૨૬/૦૬/૦૯ થી તા.૦૧/૦૭/૦૯ સુધી અંદરના દર્દી તરીકે સારવાર લીધેલ છે. અરજદારને દીવસના રૂા.૨૦૦/- મજુરીના ચુકવતા હોવાનુ સામાવાળાએ કબુલ કરેલ છે. જેથી અરજદાર માસિક આવક રૂા.૬,૦૦૦/- હોવાનુ સાબીત થયેલ છે. બનાવ બન્યો તે ગોદામ સામાવાળાની માલીકીનુ હતુ. આંક-૧૯ વાળુ કાયમી ખોડનુ સર્ટીફીકેટ મેડીકલ ઓથોરીટી જુનાગઢ ધ્વારા તપાસીને આપવામાં આવેલ છે જે અંગે ૨૦% કાયમી ખોડ ગણવા આંક-૧૪ થી પુરસીસ આપેલ છે. અરજદાર અભણ અને કાયદાના અજ્ઞાત હોય, અકસ્માત થયા બાદ બે વર્ષમાં વળતર અરજી કરવી પડે તેવી જાણકારી ન હોય, તે અંગે થયેલ વિલંબ માફ કરવા અરજી કરેલ અને તે અરજી મંજુર થતા હાલની વળતર અરજી દાખલ કરેલ છે. સામાવાળાને અકસ્માતની જાણ હોવા છતા વળતરની રકમ ચુકવી આપેલ ન હોય, તેઓ વ્યાજ તથા પેનલ્ટી ચુકવવા માટે જવાબદાર છે. જેથી અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા જણાવેલ છે.

૫.૪) વધુમાં,આ કામે સામાવાળાના વિ.વ.શ્રી તરફે આંક-૩૧ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. જેમાં આંક-૨૦ ના વાંધા જવાબ મુજબ રજુઆત કરેલ છે કે, આ

કામે અરજદાર તથા સામાવાળા વચ્ચે નોકર માલીકના સબંધ હોવાનુ તથા રોજના રૂા.૨૦૦/– મજુરી ઠરાવેલ હોવાનુ તથા તે મજુરી સામવાળા ચુકવતા હોવાનુ તેઓએ રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. અરજદાર તેઓની ઉલટ તપાસમાં જણાવે છે કે તેઓ સામાવાળાને ત્યાં અકસ્માત તારીખ પહેલાથી ત્રણ માસથી નોકરી કરે છે જયારે સામાવાળા પોતે મોટી ઉમરના હોવાથી છેલ્લા દશેક વર્ષથી કોઈ કામ ધંધો કરતા નથી તથા તેઓનુ જુનુ ગોડાઉન જે વર્ષોથી બંધ હાલતમાં હતુ તેની જાળવણી કરવાના હેતુથી ફકત સાફ સફાઈ દર વર્ષે કરાવે છે. અરજદાર તરફે આંક–૧૭ ના પંચનામા સિવાય અન્ય કોઈ પોલીસ પેપર્સ આ કામે રજુ કરેલ નથી તથા આંક–૧૭ ના પંચનામાથી અરજદાર પોતે છાપરા ઉપરથી પડી જતા ઈજા થયેલાની હકીકત સાબીત થતી નથી. અરજદારે જાણવાજોગ એન્ટ્રી હાલના કામે રજુ કરેલ નથી. અરજદારે રજુ કરેલ કાયમી ખોડના સર્ટીફીકેટમાં કયા પ્ર કારની ઈજા કઈ તારીખે થઈ હોવાની વિગત નથી તથા ફકત એસ.ટી.બસનો પાસ મેળવવાના હેતુથી કઢાવવામાં આવેલ છે. અરજદારે તેઓની આંક–૧ ની અરજી તથા આંક–૯ ના સોગંદનામામાં તેઓની ઉપર ૫૦ વર્ષ હોવાનુ જણાવેલ છે જયારે તેઓની ઉલટ તપાસમાં તેઓની જન્મ તા.૦૧/૦૧/૧૯૫૩ હોવાનુ કબુલ કરેલ છે તેમજ તેઓએ રજુ કરેલ આંક–૧૯ ના કાયમી ખોડના સર્ટીફીકેટમાં પણ અરજદારની જન્મ તા.૦૧/૦૧/૧૯૫૩ દર્શાવેલ છે અને તે રીતે અરજદારની ઉમર અકસ્માત સમયે ૫૯ વર્ષ થાય છે. એ રીતે અરજદાર ચોખ્ખા હાથે આવેલ નથી. આ અગાઉ પણ અરજદારે વ.કો. પરચુરણ અરજી નં.૧૧૩/૨૦૧૧ થી કરેલ જે અરજદારનિ ગેરહાજરીના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ થયેલ તથા અરજદારે ફરી ફાઈલે લેવા વર્કમેન પરચુરણ અરજી નં.૪/૨૦૧૮ કરેલી જેમાં ફરી ફાઈલે લેવાનો હુકમ થવા છતા અરજદારે ફરી ફાઈલે કેસ લેવાના બદલે હાલનો નવો કેસ દાખલ કરેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા, હાલના અરજદારનો કેસ ખર્ચ સહીત રદ કરવા પાત્ર હોય, અરજદારની અરજી ખર્ચ સહીત રદ કરવા જણાવેલ છે.

## **–::કારણો::–**

(૬) **મુદ્દા નં. ૧ – ૨ :–**

૬.૧) હાલના કામે ઘડવામાં આવેલ મુદ્દા નં.૧ અને ૨ બંને એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય, પુનરાવર્તનનો દોષ ટાળવા હાલના કામે મુદ્દા નં.૧ અને ૨ ની ચર્ચા અહીં એક સાથે કરવામાં આવેલ છે.

૬.૨) આ કામે અરજદારની આંક–૧ ની અરજીની હકીકત વંચાણે લેતા, આ કામના અરજદાર સામાવાળાને ત્યાં તેમના ગોદામમાં ઉપરના ભાગે પતરા ચડાવવાના હોય, મજુરીએ આવેલા અને સામાવાળા તરફથી તેઓને રોજના રૂા.૨૦૦/– લેખે માસિક રૂા.૬,૦૦૦/– થી મજુરી ચુકવતા હતા અને તે રીતે તેઓ તથા સામાવાળાઓ વચ્ચે મજુર માલીકનો સબંધ હતો. ગઈ તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ અરજદાર સામાવાળાના ગોદામમાં ઉપરના ભાગે પતરા ચડાવતા હતા ત્યારે પતરા ફીટ કરતા એકાએક પતરૂ તુટતા અરજદાર નીચે પડતા, તેઓને ગંભીર પ્રકારની ઈજાઓ થતા, તાત્કાલીક કેશોદ સરકારી દવાખાને પ્રાથમિક સારવાર લઈ તરતજ જુનાગઢ સરકારી દવાખાને વિશેષ સારવાર માટે દાખલ થયેલ જયાં અરજદારને ડાબા હાથમાં ફ્રેકચર હોય, ઓપરેશન કરી, સળીયા ફીટ કરેલ તથા ભુજામાં અને ડાબા હાથના કાંડામાં પણ ફ્રેકચર હોય, પ્લાસ્ટરનો બે માસનો પાટો બાંધેલ. કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબ કોઈપણ કામદારને ઈજા થાય અને કોઈ કાયમી શારીરીક ખોડ ખાપણ રહી જાય તો માલીકે અરજદારને વળતર ચુકવવાની જવાબદારી થાય છે પરંતુ અરજદારના કીસ્સામાં માલીકે કોઈપણ પ્રકારનુ વળતર ચુકવેલ નથી. વધુમાં અરજદારની અકસ્માત સમયે ઉમર ૫૦ વર્ષ તથા રોજના રૂા.૨૦૦/– થી મજુરીકામ કરતા હોય, રૂા.૯૧,૮૫૪/– વળતર તેમજ અકસ્માતમાં થયેલ ઈજાઓની સારવાર, દવા ઓપરેશન વગેરે પાછળ થયેલ ખર્ચ એમ કુલ મળી રૂા.૧,૫૦,૦૦૦/– મેળવવા હકકદાર છે તેમ જણાવેલ છે. જયારે સામાવાળાના આંક–૭ ના વાંધા જવાબમાં એવી તકરાર છે કે આ કામના સામાવાળાએ અરજદારને સાથે લઈ ગોડાઉનના

ભોયતળીયે કબુતરોની ચરક તેમજ મગફળીના ફોતરા અને ધુળ ઘણા વખતથી પડેલ હોય તે સાફ કરવા મજુરી નકકી કરવા ગોડાઉન અને જગ્યા બતાવવા ગયેલ. સદર ગોડાઉન ઘણા વર્ષોથી બંધ અને જર્જરીત હાલતમાં હોય, અચાનક પતરૂ પડતા, અરજદારને હાથ ઉપર લાગેલ જેથી અરજદારને કેશોદ સરકારી દવાખાને તથા ત્યારબાદ જુનાગઢ સરકારી દવાખાને લઈ ગયેલ તથા તેઓએ દવા સારવારના રૂા.૧૫૦૦/– ખર્ચ માટે આપેલા. અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર માલીકના સબંધ નથી તેમ છતા ખોટી અરજી કરેલ હોવાનુ જણાવેલ છે. અરજદારને થયેલ અકસ્માત સમયે અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર માલીકના સંબંધ હોવા અંગે તથા આ અકસ્માતની ઈજાનો બનાવ સામાવાળાની ફરજ દરમ્યાન અને ફરજના ભાગરુપે બનવા પામેલ હોવા અંગે અરજદાર તરફે આંક–૧ ની અરજીનાં સમર્થનમાં આંક–૯ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમાં આંક–૧ માં જણાવ્યા પ્રમાણે હકીકત જણાવી, આંક–૧૬ થી આંક–૨૩ સુધીના દસ્તાવેજોની હકીકતો રીફર કરેલ છે.

**૬.૨.૧)** વધુમાં, આ કામે અરજદારની ઉપરોકત સોગંદ પરની સરતપાસની હકિકત પરત્વે સામાવાળાના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં અરજદારે કબુલ કરેલ છે કે ''મારી ઉંમર વર્ષ–૫૦ હોવા બાબતે મે આધારકાર્ડ કે જન્મ તારીખનાં દાખલાનો પુરાવો રજુ કરેલ નથી. બનાવ તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ બન્યો હતો. બનાવ વાળી જગ્યાનું ગોડાઉન ત્રીસ બાઈ પંદર ની પહોળાઈ લંબાઈ નું અને પંદરફુટ ઉંચુ હતું. અકસ્માતમાં થયેલ ઈજા બાબતે જુનાગઢ સરકારી દવાખાનામાં કાયમી ખોડનું સર્ટીફીકેટ કઢાવેલ છે. તે વખતે ડોકટર સાહેબે મને નામ, ઉંમર અને સરનામુ તથા ઈજા બાબતે પુછપરછ કરેલી. આ પુછપરછમાં મે મારુ નામ તથા રહેઠાણમાં લીંબડાચોક કેશોદનું જણાવેલ. ડોકટરને મે મારી જન્મ તારીખ ૦૧/૦૧/૧૯૫૩ તથા ઉંમર વર્ષ ૬૫ હોવાનું લખાવેલુ જે સર્ટીફીકેટ મે આજરોજ રજુ કરેલ છે. તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ ગોડાઉનમાં ગયેલા ત્યારે મારી સાથે સામાવાળા હતા. એ વખતે સામાવાળા એ ગોડાઉનનુ તાળુ ખોલતા અમે અંદર ગયેલા. તે વખતે ગોડાઉન ખાલી હતું. તેમાં

પ્લાસ્ટીકનું કેન તથા જુના કોથળા અને ધુળનાં ઢગલા પડેલા હતા. મને કેશોદ દવાખાને સારવાર માટે લઈ ગયેલ. કેશોદ થી જુનાગઢ દવાખાને વધુ સારવાર માટે લઈ જવાનું કહેતા સામાવાળાએ મારી પત્ની અને પુત્રને ફોન કરી કેશોદ દવાખાને બોલાવેલા. મારી પત્ની અને પુત્ર આવી જતા તેઓ મને જુનાગઢ સરકારી દવાખાને લઈ ગયેલ. અકસ્માત સમયે હું સામાવાળાનો મજુર હતો એ બતાવવા મારી પાસે કોઈ આધાર પુરાવો નથી. હું અકસ્માત થયો તે પહેલા ત્રણ મહિનાથી સામાવાળાને ત્યાં મજુર તરીકે કામ કરતો હતો. મે મારી આવક અંગે કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી'' તેમ કબુલ કરેલ છે.

૬.૩) સદર કામે સામાવાળાએ તેમના આંક–૭ ના લેખિત જવાબની હકીકત સાબીત કરવા આંક–૨૬ થી ગીરીશભાઈ ચુનીભાઈ નથવાણીનુ પુરાવાનુ સોગંદનામું રજુ કરેલ છે, જેમાં આંક–૭ ના વાંધા જવાબમાં જણાવ્યા મુજબની હકીકત જણાવેલ છે.

૬.૩.૧) સામાવાળાની અરજદારના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં તેઓએ સોગંદ ઉપર કબુલ રાખેલ છે કે ''હું નોન મેટ્રીક સુધી ભણેલ છું. આજ થી નવ દશ વર્ષ અગાઉ કેશોદ વિસ્તારમાં આશરે ૫૦ જેટલા કારખાના આવેલા. મારુ કારખાનું કેશોદ મુકામે એરોડ્રામ રોડ પર આવેલું છે. હું મારા કારખાનામાં મજુરો બોલાવુ છુ અને નકિક કર્યા પ્રમાણે તેઓને વેતન ચુકવું છું. આ અકસ્માત બાબતે અમારા કારખાનામાં આંક–૧૭ મુજબ પંચનામુ થયેલ. આ પંચનામુ અરજદારનાં બનાવ બાબતે પોલીસે કરેલું. અરજદાર ઉપર અમારા ગોડાઉનમાં પતરૂ પડતા તેને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી દવાખાને લઈ ગયા. હું દવાખાને સાથે હતો. મે અરજદારને દવાનાં રૂ.૧૫૦૦/– આપેલા એ સિવાય બીજી કોઈ રકમ આપેલ નથી. અરજદારને રૂ.૧૫૦૦/– આપ્યા બાબતે મારી પાસે કોઈ આધાર પુરાવા નથી. મને આંક.૨૦ વાળી નોટીસ બતાવવામાં આવે છે જે અકસ્માત બાદ અરજદારે તેમના વકીલ મારફતે મને આપેલી તે છે. આ નોટીસનો મે જવાબ આપેલ કે કેમ તેની મને ખબર નથી. મને આંક.૨૨ થી એકનોલેજ મેન્ટ રસીદ બતાવવામાં આવે છે જેમા નોટીસ

સ્વીકારનાર તરીકે મારી સહિ છે. મારા કારખાનામાં ઉપર પતરા હતા. અરજદારનું અકસ્માત થયેલ તે ગોડાઉન મારી માલીકીનું હતું. અરજદારની મજુરીનાં રોજનાં રૂ. ૨૦૦/– ચુકવતા હતા.'' તેમ કબુલ કરેલ છે.

(૭) આ કામે અરજદાર તથા સામાવાળા તરફે રજુ થયેલ મૌખિક પુરાવાની ચર્ચા સાથે અરજદારે રજુ કરેલ આંક–૧૫ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવા જરૂરી છે. નિ.૧૫/૧ થી નિ.૧૫/૮ સુધીના દસ્તાવેજોને આંકે પાડવા સામાવાળાના વિ.વ.શ્રીએ વાંધો નહી હોવાનો શેરો કરતા, તેને અનુક્રમે આંક–૧૬ થી આંક–૨૩ આપવામાં આવેલ છે. અરજદારે તેમની આંક–૯ ની સરતપાસની હકિકતના સમર્થનમાં રજુ કરેલ આંક–૧૬ થી વર્કમેન કેસ નં.૧૧૩/૨૦૧૧ નુ દસ્તાવેજી પુરાવા લીસ્ટની નકલ વંચાણે લેતા, આ કામે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાના અસલ દસ્તાવેજો વ.કો. પરચુરણ અરજી નં.૧૧૩/૨૦૧૧ ના કામે રજુ કરેલ હોવાનુ જણાય છે. આંક–૧૭ થી અરજદારને ઈજા થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાની નકલ વંચાણે લેતા, આ પંચનામું સામાવાળાના ગોદામ ઉપર કેશોદ પોલીસ સ્ટેશન જાણવાજોગ એન્ટ્રી નં.૧૭૨૧/૨૦૦૯ ના કામે સામાવાળાના ગોદામ ઉપર કરેલ હોવાનુ જણાય છે. આ પંચનામામાં જણાવ્યા પ્રમાણે બનાવવાળી જગ્યા સામાવાળાએ પોલીસને બતાવેલ છે. જેમાં સામાવાળાની કૈલાશ ઈન્ડસ્ટ્રીઝના કંમ્પાઉન્ડમાં જુદા જુદા ગોદામો આવેલ હોવાનુ અને કંમ્પાઉન્ડની દક્ષિણ દીવાલ પાસે આવેલ ગોડાઉનના ઉપરના ભાગે દીવાલ પાસ ે પતરા નાખેલ નથી અને ખુલ્લો ભાગ હોવાનુ તેમજ લોખંડની એંગલ ફીટ કરેલ હોવાનુ તેમજ ઉપરના ભાગથી નીચેના ભાગે સિમેન્ટના પતરા અડધા ભાગમાં ફીટ કરેલ હોવાનુ તથા વચ્ચેના ભાગે દીવાલ ઉપર બે સિમેન્ટના પતરા વચ્ચેથી તુટી ગયેલ હોવાનુ તથા ભોંયતળીયે તુટેલ પતરાના ટુકડા પડેલ હોવાનુ તથા ગોડાઉનની લંબાઈ પહોળાઈ ૩૦ × ૪૦ ફુટ તથા ઉંચાઈ ૧૫ ફુટ હોવાનુ જણાવેલ છે. આ પંચનામા ઉપરથી સામાવાળાના કૈલાશ ઈન્ડસ્ટ્રીઝના કંમ્પાઉન્ડમાં આવેલ બનાવવાળી ગોદામમાં અડધા ભાગે પતરા ફીટ કરેલ અને અડધા ભાગમાં પતરા ફીટ કરવાના બાકી હોય તે ભાગમાં

પતરા ફીટ કરતા તેમાંથી બે પતરા તુટી ગયેલ હોવાનુ જણાય આવે છે. આ હકીકતથી અરજદારની આંક–૧ ની અરજી તથા આંક–૯ ના પુરાવાના સોગંદનામામાં જણાવ્યા પ્રમાણે સામાવાળાના ગોદામમાં ઉપરના ભાગે પતરા ફીટ કરતા એકાએક પતરૂ તુટતા અરજદાર નીચે પડતા અકસ્માત થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આંક–૧૮ થી અરજદારનુ જુનાગઢ સરકારી હોસ્પિટલનુ સારવાર સર્ટીફીકેટની નકલ વંચાણે લેતા, તેમાં અરજદારે તા.૨૬/૦૬/૦૯ થી તા.૦૧/૦૭/૦૯ સુધી અંદરના દર્દી તરીકે સારવાર લીધેલ અને હીસ્ટ્રીમાં કેશોદ મુકામે તા.૨૬/૦૬/૦૯ ના રોજ સવારના ૧૦/૪૫ કલાકે છત ઉપરથી પડી જતા ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે. અરજદારને થયેલી ઈજામાં ડાબા હાથમાં તથા ડાબા હાથના કાંડાના ભાગે ફ્રેકચરની ઈજા થયેલ હોવાનુ જણાય છે. આંક–૧૯ થી અરજદારના કાયમી ખોડ અંગેના સર્ટીફીકેટની નકલ વંચાણે લેતા, મેડીકલ ઓથોરીટી જુનાગઢ નાઓએ અરજદારને થયેલ ઈજા તપાસી અરજદારને ૪૦% કાયમી ખોડ રહેલ હોવાનુ સર્ટીફીકેટ આપેલ છે. જેમાં અરજદારે તેમની જન્મ તા.૦૧/૦૧/૧૯૫૩ તથા ઉ.વ. ૬૫ હોવાનુ જણાવેલ છે. આંક–૨૦ થી અરજદારે સામાવાળાને આપેલ નોટીસની નકલ વંચાણે લેતા, અકસ્માત થયા બાદ તા.૧૮/૧૧/૨૦૦૯ ના રોજ વકીલ મારફતે સામાવાળાને રજીસ્ટર્ડ પોસ્ટ એડી તથા યુપીસીથી નોટીસ આપેલ છે જે નોટીસ યુપીસી કર્યાના સર્ટીફીકેટની નકલ આંક–૨૧ થી તથા એકનોલેજમેન્ટ રસીદ આંક–૨૨ થી અને રજીસ્ટર્ડ એડી કર્યાની પાવતીની નકલ આંક–૨૩ થી રજુ કરેલ છે જે પુરાવો વંચાણે લેતા, આંક–૨૦ વાળી નોટીસ સામાવાળાને તા.૧૯/૧૧/૨૦૦૯ ના રોજ રજીસ્ટર્ડ એડીથી નિયમસર મળી ગયેલ હોવાનુ સાબીત થાય છે.

૭.૧) વધુમાં હાલના કામે સામાવાળા તર્ફે તેમના આંક–૭ થી રજુ લેખિત જવાબ તથા આંક–૨૬ થી રજુ સરતપાસના સોગંદનામામાં તેમજ તેમની આંક–૩૧ થી રજુ લેખિત દલીલોમાં અરજદાર અને તેમની વચ્ચે કામદાર માલીકના સબંધ નથી તથા અરજદારને તેઓ કોઈ પગાર ચુકવતા નથી પરંતુ સામાવાળા પોતે મોટી ઉમરના

હોવાથી છેલ્લા દશેક વર્ષથી કોઈ કામ ધંધો કરતા નથી તથા તેઓનુ જુનુ ગોડાઉન જે વર્ષોથી બંધ હાલતમાં હતુ તેની જાળવણી કરવાના હેતુથી ફકત સાફ સફાઈ દર વર્ષે કરાવે છે અને તેના ભાગરૂપે અરજદાર ફકત ગોડાઉન જોવા આવેલ અને અચાનક પતરૂ પડતા તેઓને ઈજા થયેલ હોય, વળતર ચુકવવાની તેમની કોઈ જવાબદારી થતી નથી તેમ જણાવેલ છે. અરજદારે આંક-૧ ની અરજીમાં તથા આંક-૯ ના પુરાવાના સોગંદનામામાં તેઓ સામાવાળાને ત્યાં ગોડાઉનના ઉપરના ભાગે પતરા ચડાવવાની મજુરી કરતા હોવાનુ તથા તે મજુરી પેટે દૈનિક રૂ.૨૦૦/- લેખે માસિક પગાર રૂ.૬,૦૦૦/- સામાવાળા તેઓને ચુકવતા હોવાનુ તથા તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ ગોદામના ઉપરના ભાગે પતરા ફીટ કરતા, એકાએક પતરૂ તુટતા નીચે પડતા ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ હોવાનુ અને  અરજદાર તથા સામાવાળા વચ્ચે કામદાર માલીકના સબંધો હોવાનુ જણાવેલ છે. અરજદારની આંક-૧ ની અરજીની હકીકતને આંક-૯ ના મૌખિક પુરાવાના સોગંદનામાથી સમર્થન મળે છે. સામાવાળાએ તેમના આંક-૭ ના લેખિત જવાબમાં તા.૨૬/૦૬/૦૯ ના રોજ અરજદાર ઉપર ગોડાઉનનુ પતરૂ પડેલ હોવાની હકીકત કબુલ કરેલ છે. એ રીતે બનાવના દીવસે સામાવાળાના ગોદામમાં અરજદાર ઉપર પતરૂ પડતા ઈજા થયેલ હોવાની હકીકત બીનતકરારી છે. જેથી બનાવના દીવસે અરજદાર ઉપર પતરૂ પડેલ ત્યારે અરજદાર સામાવાળાને ત્યાં મજુરી કામની ફરજ પર હતા કે કેમ ? તેનો નિર્ણય કરવાનો રહે છે. સામાવાળાએ તેમની દલીલમાં તેઓ છેલ્લા દશ વર્ષથી કોઈ કામ ધંધો કરતા નથી અને રીટાયર્ડ લાઈફ ભોગવતા હોવાની હકીકત તેમના લેખિત જવાબમાં જણાવેલ નથી. સામાવાળાએ તેમના લેખિત જવાબ તથા જુબાની અને દલીલમાં તેમનુ ગોડાઉન ઘણા વર્ષોથી બંધ અને જર્જરીત હાલતમાં હોય, સાફ સફાઈ કરાવવા અરજદારને ગોડાઉન બતાવવા લઈ ગયેલા તે વખતે અચાનક અરજદાર ઉપર પતરૂ પડેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આંક-૧૭ વાળુ બનાવવાળી જગ્યાનુ પંચનામું ઘ્યાને લેવામાં આવે તો તે પંચનામું સામાવાળાની કૈલાશ ઈન્ડસ્ટ્રીઝ

કંમ્પાઉન્ડમાં આવેલ બનાવવાળા ગોદામમાં અકસ્માત થયા બાદ તા.૨૧/૦૭/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ છે અને તે સમયે સામાવાળાના ગોદામમાં અડધા ભાગમાં પતરા ફીટ કરેલ અને અડધા ભાગમાં લોખંડની એંગલ ફીટ કરેલ અને અડધા ભાગમાં સીમેન્ટના પતરા ફીટ કરેલ તેમાં બે પતરા તુટી ગયેલ અને તેના ટુકડા નીચે પડેલ જોવામાં આવેલ. આ હકીકતથી બનાવના દીવસે સામાવાળાના ગોદામમાં પતરા ફીટ કરવાની કામગીરી ચાલતી હોવાનુ અનુમાન કરવાને કારણ રહે છે. આમ, અરજદાર બનાવના દીવસે સામાવાળાના ગોદામમાં પતરા ફીટ કરવાની મજુરીના કામે ગયેલા અને તે વખતે પતરૂ તુટતા અરજદાર નીચે પડતા ગંભીર ઈજાઓ થયેલ હોવાની હકીકતને આંક–૧૭ વાળા પંચનામાથી સમર્થન મળે છે. આ સંજોગોમાં સામાવાળાની કૈલાશ ઈન્ડસ્ટ્રીઝ નામનુ કારખાનુ આવેલ અને તે કંમ્પાઉન્ડમાં આવેલ ગોદામમાં અરજદાર બનાવ સમયે કામગીરી કરતા હતા અને બનાવ બનેલ હોવાનુ અનુમાન કરવાને કારણ રહે છે. જેથી સામાવાળાનુ ગોડાઉન ઘણા વર્ષોથી બંધ હોય, અરજદારને માત્ર જર્જરીત ગોદામની જગ્યા સાફ કરાવવા વાતચીત કરવા બતાવવા લઈ ગયેલ હોવાની સામાવાળાની તકરાર માની શકાય તેમ નથી. વધુમાં સદરહુ અકસ્માત તા.૨૬/૦૬/૦૯ ના રોજ સામાવાળાના ગોદામમાં બનેલ અને તે ગોદામના માલીક સામાવાળા હોવાની બીના બીનતકરારી છે. વળી, સામાવાળાને આંક–૨૦ વાળી નોટીસ તા.૧૯/૧૧/૨૦૦૯ ના રોજ નિયમસર મળી ગયેલ છે તેમ છતા તે નોટીસનો સામાવાળાએ કોઈ લેખિત જવાબ આપેલ નથી કે અરજદાર તેમના કામદાર નથી અને અરજદારની તેઓએ પતરા ફીટ કરવાની કોઈ કામગીરી સોપેલ નથી કે માત્ર ગોદામની જગ્યા સાફ કરાવવા લઈ ગયેલ તેવી કોઈ તકરાર તેઓ ધ્વારા જે તે સમયે લેવામાં આવેલ નથી પરંતુ લેખિત જવાબમાં સૌપ્રથમ આવી તકરાર લેવામાં આવેલ હોઈ તે તકરર ગ્રાહ્ય રાખી શકાય નહી. સામાવાળાએ તેમના લેખિત જવાબ તથા પુરાવાના સોગંદનામામાં એવી હકીકત જણાવેલ કે નોટીસ મળ્યા બાદ અરજદારને બોલાવતા અરજદાર કોઈ કેસ કરવાના નથી જેથી નોટીસનો જવાબ આપેલ

નહી હોવાનો ખુલાસો કરેલ છે પરંતુ આ હકીકતનો અરજદારે સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને તે હકીકતના સમર્થનમાં સામાવાળાએ કોઈ પુરાવો રજુ કરેલ ન હોય, જેથી તે તકરાર પણ ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં આંક–૧૮ વાળા સારવાર સર્ટીફીકેટમાં પણ અરજદારે હીસ્ટ્રીમાં કેશોદ મુકામે ઉપરથી પડી જતા ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે જે હકીકતથી આંક–૧ ની અરજીને સમર્થન મળે છે. આમ, અરજદારે રજુ કરેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી બનાવ તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ સામાવાળાના ગોદામમાં પતરા ફીટ કરવાની કામગીરી ચાલુ હોવાનુ અને અરજદાર સામાવાળાના ગોદામમાં ઉપરના ભાગે પતરા ફીટ કરવા મજુરીએ ગયેલા ત્યારે એકાએક પતરૂ તુટતા અરજદાર નીચે પડી જતા ગંભીર ઈજાઓ થયેલ હોવાની હકીકત સાબીત થાય છે. આ સંજોગોમાં બનાવ સમયે અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર માલીકના સબંધો હોવાનુ અને તે દીવસે અરજદાર સામાવાળાના ગોદામમાં પતરા ફીટ કરવાની મજુરીકામની ફરજ ઉપર હાજર હતા અને પતરા ફીટ કરતા તે વખતે એકાએક પતરૂ તુટતા નીચે પડી જતા અકસ્માત થયેલ હોવાનુ અરજદાર ધ્વારા પુરવાર થતુ હોય, **મુદા નં.૧** તથા **મુદા નં.૨** નો જવાબ **''હકારમાં''** આપવામાં આવે છે.

(૮) **મુદા નં.૩ :–**

૮.૧) **ઉમર :–**

આ કામે અકસ્માત સમયે અરજદારની ઉમર પરત્વે અરજદાર તરફે આંક–૧ ની અરજી તથા આંક–૯ થી રજુ સરતપાસની જુબાનીમાં અરજી વખતે તેમની ઉમર ૫૦ વર્ષની જણાવેલ છે. જે હકિકત પરત્વે અરજદારે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. સામાવાળાએ તેમના લેખિત જવાબ તથા આંક–૨૬ ના પુરાવાના સોગંદનામામાં અરજદારે જણાવેલ ઉમર કબુલ કરેલ નથી. સામાવાળાએ તેમની લેખિત દલીલમાં આંક–૧૯ ના ડીસએબીલીટી સર્ટીફીકેટમાં અરજદારની જન્મ તા.૦૧/૦૧/૧૯૫૩ દર્શાવેલ હોય અને બનાવ સને ૨૦૦૯ માં બનેલ હોય, અકસ્માત સમયે અરજદારની

ઉંમર ૫૦ વર્ષ નહી પરંતુ ૫૯ વર્ષની હોવાનુ જણાવેલ છે. અરજદારે તેમની ઉલટ તપાસમાં ''અકસ્માતમાં થયેલ ઈજા બાબતે જુનાગઢ સરકારી દવાખાનામાં કાયમી ખોડનુ સર્ટીફીકેટ કઢાવેલ તે વખતે ડોકટર સાહેબે નામ ઉંમર સરનામુ ઈજા બાબતે પુછપરછ કરતા, ડોકટરને મે મારી જન્મ તા.૦૧/૦૧/૧૯૫૩ તથા ઉ.વ.૬૫ હોવાનુ લખાવેલ'' તેમ કબુલ કરેલ છે. અરજદારે અકસ્માત થયા બાદ વળતર અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા વ.કો.પરચુરણ અરજી નં.૧૧૩/૨૦૧૧ તા.૧૮/૧૦/૨૦૧૧ ના રોજ કરેલ તેમાં પણ અરજદારની ઉંમર ૫૦ વર્ષની જણાવેલ જે કામે અરજદારે આંક–૨૩ ના પુરાવાના સોગંદનામા સાથે પોતાના આધારકાર્ડની નકલ રજુ કરેલ છે જેમાં તેમની જન્મ તા.૦૧/૦૧/૧૯૫૩ જણાવેલ છે. હાલની વળતર અરજી તા.૧૧/૦૩/૨૦૧૯ ના રોજ રજીસ્ટર્ડ થયેલ છે તેમાં પણ અરજદારે પોતાની અગાઉની અરજીની જેમ ઉ.વ.૫૦ જણાવેલ છે. અરજદારે આંક–૧૯ થી રજુ કરેલ કાયમી ખોડના સર્ટીફીકેટમાં તેમની જન્મ તા.૦૧/૦૧/૧૯૫૩, ઉ.વ.૬૫ જણાવેલ છે. અરજદારે તેમની આંક–૯ ની જુબાનીમાં પણ પોતાની જન્મ તા.૦૧/૦૧/૧૯૫૩ હોવાનુ કબુલ કરેલ છે. વધુમાં અરજદારનો અકસ્માત તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ થયેલ હોય, આંક–૧૯ વાળા કાયમી ખોડના સર્ટીફીકેટમાં જણાવેલ જન્મ તા.૦૧/૦૧/૧૯૫૩ ધ્યાને લેતા, અકસ્માત સમયે અરજદારની ઉંમર ૫૬ વર્ષની હોવાનું માનવાને કારણ રહે છે. અરજદારની ઉંમર ૫૬ વર્ષ નહી હોવા બાબતેનો સામાવાળાઓ તરફે વિરૂધ્ધનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી બનાવ સમયે અરજદારની ૫૯ વર્ષની ઉંમર હોવાની સામાવાળાની દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી. આ સંજોગોમાં અકસ્માત સમયે અરજદારની ઉંમર ૫૬ વર્ષની હોવાનું નહી માનવાને કોઈ કારણ નથી. જેથી અરજદારની ઉંમર અકસ્માત સમયે **૫૬ વર્ષ** હોવાનું ઠરાવવામાં આવે છે.

## ૮.૨) આવક :–

આ કામે અરજદારે તેમની આવક અન્વયે આંક–૧ ની અરજી તથા આંક–૯ થી

રજુ સરતપાસની જુબાનીમાં તેઓ સામાવાળાને ત્યાં તેમના ગોદામમાં પતરા ચડાવવાની મજુરી કામ કરી રોજના રૂા.૨૦૦/– લેખે માસિક રૂા.૬,૦૦૦/– કમાતા હોવાનુ સોગંદ ઉપર જણાવેલ છે. આ હકીકતનો સામાવાળાએ તેમના લેખિત જવાબમાં તથા પુરાવાના સોગંદનામામાં સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. વધુમાં, આ કામે સદરહું હકિકત પરત્વે અરજદારની સામાવાળાના વિ.વ.શ્રી એ કરેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, ''સામાવાળાનો મજુર હતો તે બતાવવા તથા મારી આવક અંગે કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી.'' સામાવાળાએ તેમની ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે ''તેઓ તેમના કારખાનામાં મજુરો બોલાવે છે અને નકકી કર્યા પ્રમાણે વેતન ચુકવે છે. અરજદારની મજુરીના રોજના રૂા.૨૦૦/– ચુકવતા હતા.'' સામાવાળા તેમના મજુરોને કેટલુ દૈનિક વેતન ચુકવતા હતા તે બાબતે કોઈ પુરાવો રજુ કરેલ નથી પરંતુ સામાવાળાએ તેમની જુબાનીની ઉલટ તપાસમાં અરજદારને મજુરીના રોજના રૂા.૨૦૦/– ચુકવતા હોવાનુ સ્પષ્ટપણે કબુલ કરેલ છે. એ રીતે આંક–૧ ની અરજી તથા આંક–૯ ના પુરાવાના સોગંદનામામાં જણાવ્યા પ્રમાણે સામાવાળા અરજદારને રોજના રૂા.૨૦૦/– મજુરીના ચુકવતા હોવાની હકીકતને સામાવાળાની જુબાનીથી સમર્થન મળે છે જે નહી માનવાને કોઈ કારણ નથી. વધુમાં,આ કામે અરજદારે આવક સબંધે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી પરંતુ અરજદારની આંક–૯ ની મૌખિક પુરાવાની હકીકત તથા સામાવાળાની આંક–૨૬ ની જુબાનીથી સમર્થન મળતુ હોય, આ કામે સામાવાળા અરજદારને પતરા ફીટીંગની મજુરીના રોજના રૂા.૨૦૦/– મહેનતાણું ચુકવતા હોવાનું ઠરાવવામાં આવશે તો તે વાજબી અને ન્યાયી જણાશે એ રીતે અરજદાર રોજના રૂા.૨૦૦/– લેખે એક માસના ૨૬ દિવસ મજુરી ગણતા, માસિક રૂા.૫,૨૦૦/– કમાતા હોવાનુ ઠરાવવાનુ ન્યાયોચીત જણાય છે પરંતુ કામદાર વળતર અધિનિયમની જોગવાઈ ધ્યાને લેતા, અકસ્માત સને ૨૦૦૯ માં થયેલ હોય, તે સમયે કામદારની વધુમાં વધુ માસિક આવક રૂા.૪,૦૦૦/– હોવાનુ ઠરાવવામાં આવેલ છે. આમ, ઉપરોકત ચર્ચાના

અંતે અરજદારની અકસ્માત સમયે **ઉંમર ૫૬** વર્ષ હોવાનું અને માસીક **આવક રૂા.૪,૦૦૦/-** હોવાનું ઠરાવવામાં આવે છે. આમ, ઉપરોકત ચર્ચાના અંતે **મુદા નં.૩** નો જવાબ આથી '**અંશત: હકાર**'માં ઠરાવવામાં આવે છે.

## (૯) <u>મુદા નં.૪ :-</u>

## ૯.૧) <u>કાયમી ખોડ:-</u>

આ કામે અરજદારે તેમની આંક-૧ ની અરજીના સમર્થનમાં આંક-૯ થી રજુ સોગંદ ઉપરની જુબાનીમાં આ અકસ્માતમાં અરજદારને ગંભીર ઈજા થતા તરત જ કેશોદ સરકારી દવાખાનામાં લઈ ગયેલા અને ત્યાં પ્રાથમિક સારવાર આપી, જુનાગઢ સરકારી દવાખાનામાં સારવાર માટે દાખલ કરેલ જયાં ડોકટરશ્રીએ ડાબા હાથમાં ફ્રેકચર હોય, ઓપરેશન કરી, સળીયા ફીટ કરેલ અને ડાબા હાથના કાંડામાં પણ ફ્રેકચર હોય, પ્લાસ્ટરનો પાટો બાંધેલ. આ ઈજાથી કાયમી પ્રકારની ખોડ રહી ગયેલ જેથી અરજદાર ભવિષ્યમાં કોઈ કામગીરી કરી શકે તેવી હાલત રહેલ નથી તેમ જણાવેલ છે. અરજદારની ઉલટ તપાસમાં પણ તેઓને ઈજા થતા સામાવાળા કેશોદ દવાખાને સારવાર માટે લઈ ગયેલા અને અરજદારની પત્ની તથા પુત્ર અરજદારને ત્યાંથી જુનાગઢ સરકારી દવાખાને લઈ ગયેલ હોવાની હકીકત ખુલેલ છે. સામાવાળાની આંક-૨૬ ની ઉલટ તપાસમાં પણ અરજદાર ઉપર તેમના ગોડાઉનમાં પતરૂ પડતા, ઈજા થતા, ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી સારવાર માટે દવાખાને લઈ ગયેલ તે વખતે તેઓ તેમની સાથે હતા તેમ કબુલ કરેલ છે. આમ, અરજદારે અકસ્માત થતા સૌપ્રથમ કેશોદ અને ત્યારબાદ જુનાગઢ સરકારી દવાખાને સારવાર કરેલ હોવાનુ જણાય છે. અરજદારે આંક-૧૮ થી જુનાગઢ સિવિલ હોસ્પિટલનુ સારવાર સર્ટીફીકેટ રજુ કરેલ છે તેમાં અરજદારને તા.૨૬/૦૬/૨૦૦૯ થી તા.૦૧/૦૭/૨૦૦૯ સુધી અંદરના દર્દી તરીકે સારવાર આપેલ છે અને અરજદારને ડાબા હાથમાં તથા ડાબા હાથના કાંડામાં ફ્રેકચરની ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે. અરજદારે આંક-૧૯ થી મેડીકલ ઓથોરીટી જુનાગઢ નાઓએ આપેલ કાયમી ખોડનુ સર્ટીફીકેટ રજુ કરેલ છે જેમાં અરજદારને તપાસતા

અરજદારને ૪૦% કાયમી ખોડ રહેલ હોવાનુ જણાવેલ છે. આમ, અરજદાર સામાવાળાના ગોદામમાં પતરા ફીટ કરવાની મજુરી કરતા ત્યારે એકાએક પતરૂ તુટતા નીચે પડી જતા અકસ્માત થતા તેમાં થયેલ ગંભીર ઈજા અંગે સરકારી હોસ્પિટલ જુનાગઢ મુકામે અંદરના દર્દી તરીકે સારવાર લીધેલ હોવાનુ અરજદાર તથા સામાવાળાની જુબાની તેમજ આંક-૧૮ ના સારવાર સર્ટીફીકેટથી સાબીત થાય છે. આંક-૧૮ વાળા સારવાર સર્ટીફીકેટ તથા આંક-૧૯ વાળા કાયમી ખોડના સર્ટીફીકેટને આંકે પાડવા સામે સામાવાળાના વિ.વ.શ્રીને વાંધો નહી હોવાનો શેરો કરતા તે અન્વયે આંકે પડેલ છે. જેથી અરજદારે મેડીકલ સર્ટીફીકેટ આપનાર ડોકટરને તપાસેલ ન હોય તે ધ્યાને નહી લેવાની સામાવાળાની દલીલ માની શકાય નહી. અરજદારે આંક-૧૪ ની પુરસીસથી આંક-૧૯ થી રજુ કરેલ કાયમી ખોડના સર્ટીફીકેટમાં જણાવેલ ૪૦% કાયમી ખોડ અંગે અડધી એટલે કે ૨૦% ખોડ ગણવામાં આવે તો વાંધો ન હોવાનુ જાહેર કરેલ છે. જે અંગે સામાવાળાના વિ.વ.શ્રીએ પણ આ પુરસીસ મુજબ અડધી કાયમી ખોડ ગણવા વાંધો નહી હોવાનો શેરો કરેલ છે. આંક-૧૯ ના કાયમી ખોડના સર્ટીફીકેટમાં અરજદારને આખા શરીરે ૪૦% કાયમી ખોડ રહેલ હોવાનુ જણાવેલ છે. આ સર્ટીફીકેટ આપનાર મેડીકલ ઓફીસરને અરજદારે સાહેદ તરીકે તપાસેલ નથી પરંતુ અરજદારની આંક-૧૪ ની પુરસીસ અન્વયે બંને પક્ષકારોની સંમતિથી કાયમી ખોડની ટકાવારી અડધી એટલે કે ૨૦% ગણવાનુ નકકી કરેલ હોય, આંક-૧૯ ના કાયમી ખોડના સર્ટીફીકેટમાં ૪૦% કાયમી ખોડ જણાવેલ હોય તેની અડધી એટલે કે ૨૦% અરજદારને આ અકસ્માતમાં થયેલ ઈજાઓને કારણે કાયમી ખોડ રહેલ હોવાનુ ઠરાવવામાં આવે છે. એ રીતે તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજના અકસ્માતમાં થયેલ ઈજાઓના કારણે અરજદારને શરીરે **૨૦% કાયમી ખોડ** રહેલ હોવાનુ ઠરાવી, ઉપરોકત ચર્ચાના અંતે **મુદા નં.૪** નો જવાબ '**અંશત: હકાર**' માં ઠરાવવામાં આવે છે.

## (૧૦) મુદા નં.૫ : –

**૧૦.૧)** આ કામે મુદા નં. ૧–૨ માં ચર્ચા કર્યા મુજબ અરજદાર અને સામાવાળા વચ્ચે અકસ્માત સમયે કામદાર–માલીકના સંબંધો હોવાનું તેમજ અરજદારને થયેલ ઈજાનો અકસ્માતનો બનાવ સામાવાળાની ફરજ દરમ્યાન બનેલ હોવાનું અરજદારપક્ષે મૌખીક દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે. આ કામે સામાવાળાએ તેમના કામદારનો વિમો કામદાર વળતર ધારા હેઠળ ઉતરાવેલ હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાય આવતુ નથી. ત્યારે આ કામે અરજદાર કેટલુ વળતર મેળવવા હકકદાર છે ? તે અંગે કામદાર વળતર ધારાની જોગવાઈ અનુસાર વળતરની રકમની ગણતરી કરતી વખતે અરજદારની ઉંમર, અરજદારની અકસ્માત સમયે માસીક પગારની આવક, અરજદારને થયેલ કાયમી ખોડની ટકાવારી લક્ષમાં લેવાની હોય છે. તે મુજબ હાથ ઉપરના કેસમાં જોઈએ તો ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અકસ્માત સમયે અરજદારની ઉંમર **૫૬** વર્ષની હતી અરજદારનો માસિક પગાર **રૂા.૪,૦૦૦/–** અને અકસ્માતના કારણે આંક–૧૯ વાળા સર્ટીફીકેટ તથા આંક–૧૪ ની પુરસીસ મુજબ અરજદારને આખા શરીરની કાયમી ખોડ **૨૦%** રહી ગયેલ હોવાનુ ઠરાવેલ છે. તે તમામ હકીકત લક્ષમાં લઈ, વળતરની રકમની ગણતરી કરવાની હોય છે. અકસ્માત સમયે અરજદારની ઉંમર ૫૬ વર્ષની હોય અને તે મુજબ રીલેવન્ટ ફેકટર ૧૩૧.૯૫ થાય છે અને માસિક પગાર રૂા.૪,૦૦૦/– હતો તેના ૬૦ % ગણતા પગાર રૂા.૨,૪૦૦/– થાય છે. જેથી માસિક પગાર રૂા.૨,૪૦૦/–ને રીલેવન્ટ ફેકટર ૧૩૧.૯૫ થી ગુણતા રૂા.૩,૧૬,૬૮૦/– થાય છે, જેને ૨૦% અરજદારને આ અકસ્માતના કારણે રહી જવા પામેલ કાયમી ખોડની સાથે ગણતરી કરતા રૂા.૬૩,૩૩૬/– (અંકે રુપીયા ત્રેસઠ હજાર ત્રણસો છત્રીસ પુરા) વળતરની રકમ થાય છે. અરજદારને અકસ્માત થયા બાદ સામાવાળાએ વળતરની કોઈ રકમ ચુકવેલ હોવાનુ રેકર્ડ પરથી જણાતુ નથી. આ સંજોગોમાં આ કામના અરજદાર સામાવાળાને ત્યાં ફરજ દરમ્યાન થયેલ અકસ્માતમાં થયેલી ઈજાઓ અંગે રૂા.૬૩,૩૩૬/– (અંકે રુપીયા ત્રેસઠ હજાર ત્રણસો છત્રીસ પુરા) વળતરની રકમ આ

કામના સામાવાળા પાસેથી મેળવવા હકકદાર હોવાનુ ઠરાવી **<u>મુદા નં.૫</u>** નો જવાબ **'હકાર'માં** ઠરાવવામાં આવે છે.

**(૧૧) <u>મુદ્દા નં.૬ :–</u>**

**૧૧.૧)** આ કામે મુદા નં.૬ પરત્વે ચર્ચા કરતા અગાઉ વ્યાજ પેનલ્ટી અંગે કામદાર વળતર ધારાની ૧૯૨૩ ની જોગવાઈ જોવામાં આવે તો નીચે મુજબ છે.

**<u>કલમ ૪(એ) : –</u>**

૪(એ) વળતર આપવાનું થાય ત્યારે તે ચુકવવા બાબત અને કસુર માટે શિક્ષા

(૧).....

(૨).....

(૩) જે તારીખે વળતર ચુકવવાનું થાય તે તારીખથી એક માંસમાં માલિક વળતર ચુકવવામાં નિષ્ફળ જાય, ત્યારે કમિશ્નર(એ) લેણી રકમ ઉપરાંત દર વર્ષે દર સેકડેના બાર ટકાના દરે અથવા શિડયુલ બેંક જે દરે સેન્ટ્રલ ગર્વમેન્ટ નોટીફીકેશનથી નિર્દીષ્ટ કરે તે દર થી ધિરાણ કરે તે કરતા વધે નહી તેટલા દરથી સાદુ વ્યાજ માલિકને ચુકવવા હુકમ કરશે અને(બી)કમિશ્નરના મતે ઢીલ થવાનું કોઈ વાજબી કારણ નથી. ત્યારે લેણી થતી રકમ અને તેના પરના વ્યાજ ઉપરાંત માલિકને તેવી રકમના ૫૦% કરતા વધે નહી તેટલી રકમ દંડ તરીકે ચુકવવા હુકમ કરી શકે. પરંતુ જોગવાઈ એવી કરવામાં આવેલ છે કે કલોઝ(બી) હેઠળનો દંડ ચુકવવાનો હુકમ તે શા માટે ન કરવો તે અંગે કારણ દર્શાવવાની માલિકને વાજબી તક આપ્યા સીવાય કરવામાં આવશે નહી.

<u>સ્પષ્ટીકરણ :–</u>

આ પેટા–કલમના હેતુઓ માટે શિડયુલ બેન્કનો અર્થ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા અધિનિયમ ૧૯૩૪ (સન ૧૯૩૪ નો (૨)) ના બીજા પરિશિષ્ટમાં સમાવેલ બેન્ક.

૩(એ) પેટા–કલમ (૩) હેઠળ ચુકવાપાત્ર વ્યાજ અને દંડની રકમ કામદાર

અથવા તેના આશ્રિતોને જે તે કિસ્સા મુજબ ચુકવવામાં આવશે.

**૧૧.૨)** આ કામે ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા માલીક વળતર ચુકવવામાં નિષ્ફળ જાય ત્યારે કમીશ્નર લેણી રકમ ઉપરાંત વ્યાજ ચુકવવા હુકમ કરી શકે છે. આ કામે સામાવાળા માલિકે ઉપરોકત જોગવાઈ મુજબ વળતરની રકમ અત્રે કમીશ્નરશ્રી સમક્ષ જમા કરાવેલ નથી. અરજદારે તેમની અરજીમાં વળતરની રકમ અકસ્માત તારીખથી વાર્ષિક ૧૨% ના ચડત વ્યાજ સાથે અપાવવાની માંગણી કરેલ છે. કેસનુ રેકર્ડ ધ્યાને લેતા, અરજદારને અકસ્માતનો બનાવ તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ થયેલ છે. ત્યારબાદ અરજદારે આંક–૨૦ વાળી નોટીસ સામાવાળાને વકીલ મારફતે તા.૧૮/૧૧/૨૦૦૯ ના રોજ આપેલ છે. કામદાર વળતર અધિનિયમની જોગવાઈ મુજબ અકસ્માત થયા તારીખથી બે વર્ષમાં વળતરની અરજી દાખલ કરવાની હોય છે પરંતુ આ સમય મર્યાદામાં અરજદારે વળતરની અરજી દાખલ ન કરતા, તે અંગે થયેલ વિલંબ માફ કરવા વ.કો. પરચુરણ અરજી નં.૧૧૩/૨૦૧૧ તા.૧૮/૧૦/૨૦૧૧ ના રોજ કરેલ જે કામે અરજદારને પુરાવો રજુ કરવા અનેક તકો આપવા છતા હાજર ન રહેતા નામદાર કોર્ટે અરજદારની ગેરહાજરી અને પુરાવાના અભાવે તા.૦૯/૦૨/૨૦૧૭ ના રોજ તે અરજી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરેલ. ત્યારબાદ અરજદારે વિલંબ અરજી ફરી ફાઈલે લેવા વ.કો.પરચુરણ અરજી નં.૪/૨૦૧૮ કરેલ જે તા.૦૬/૧૦/૨૦૧૮ ના રોજ મંજુર થતા, વ.કો.પરચુરણ અરજી નં.૧૧૩/૨૦૧૧ તા.૧૮/૧૨/૨૦૧૮ ના રોજ ફરી ફાઈલે બોર્ડ પર લેવામાં આવેલ અને તે કામે બંને પક્ષકારોએ પુરાવો રજુ કરતા, અરજદારને વળતર અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરી વળતર અરજી રજીસ્ટરે લેવાનો હુકમ કરેલ જે હુકમ મુજબ હાલની વળતર અરજી તા.૧૧/૦૩/૨૦૧૯ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે. આમ, અકસ્માત થયા બાદ બે વર્ષમાં અરજદારે વળતર અરજી કરેલ નહી પરંતુ બે વર્ષ બાદ વિલંબ માફ કરવા અરજી કરેલ અને તે અરજી અરજદારની ગેરહાજરી અને બેદરકારીના કારણે આશરે છ વર્ષ બાદ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરેલ અને ત્યારબાદ તે અરજી ફરી ફાઈલે લેવા અરજી કરતા,

તે મંજુર થતા નામદાર કોર્ટે અરજદારને થયેલ વિલંબ માફ કરેલ છે. આમ, વિલંબ માફ કરવાની અરજી અંગે સને ૨૦૧૧ થી ૨૦૧૮ સુધીનો સમયગાળો અરજદારની બેદરકારી અને નિષ્કાળજીના કારણે પસાર થયેલ છે. જેથી અરજદાર તેટલા સમયગાળાનુ વળતરની રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર બનતા નથી પરંતુ અરજદાર અકસ્માત અંગે વળતરની રકમ ઉપર અકસ્માત તારીખથી એટલે કે તા.૨૬/૦૬/૨૦૦૯ ના એક માસ બાદ એટલે કે તા.૨૬/૦૭/૨૦૦૯ થી તા.૧૮/૧૦/૨૦૧૧ સુધીના સમયગાળાનુ તથા હાલની વળતર અરજી રજીસ્ટર થયા તા.૧૧/૦૩/૨૦૧૯ થી વળતરની રકમ વસુલ થતા સુધીના સમયગાળાના ૯%ના સાદા વ્યાજે રકમ સામાવાળા પાસેથી મેળવવા હકકદાર બને છે તેમ ઠરાવવામાં આવે છે.

**૧૧.૩)** સદરહું ઉપરોકત કાયદાની જોગવાઈ વંચાણે લેતા માલિક તરફે અકસ્માતનો બનાવ બન્યા તારીખ થી દિન–૩૦ માં વળતરની રકમ જમા ન થયેથી પેનલ્ટીની રકમ ચુકવવાની જવાબદારી થાય છે. આમ, હાથ ઉપરના કેસમાં મૂળ માલિક ધ્વારા એટલે કે સામાવાળા તરફથી અકસ્માત તારીખથી ૩૦ દિવસમાં વળતરની રકમ જમા કરાવેલ નથી ત્યારે પેનલ્ટીની જવાબદારી સામાવાળા માલીકની રહે છે. અરજદારને અકસ્માત થયા બાદ સામાવાળા તેમને કેશોદ સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા જેથી અકસ્માતની જાણ સામાવાળાને શરૂઆતથી જ થયેલી છે. અરજદારે વળતર અરજી કરતા અગાઉ આંક–૨૦ વાળી નોટીસ સામાવાળાને રજીસ્ટર્ડ એડીથી આપેલ છે જે મળી જવા છતા સામાવાળાએ અરજદારને વળતરની રકમ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. કાયદાકીય જોગવાઈ મુજબ વળતરની રકમના ૫૦% થી વધુ નહી તેવી રકમની પેનલ્ટી ચુકવવા હુકમ કરી શકાય પરંતુ હાલના કેસની હકીકત અને સંજોગોમાં ધ્યાને લેતા, અકસ્માતની તારીખ, કામદારના કામનો પ્રકાર, કાયદાની જોગવાઈ અને પ્રસ્થાપીત સિધ્ધાંત લક્ષમાં લેતા વળતરની રકમ રૂા.૬૩,૩૩૬/– (અંકે રુપીયા ત્રેસઠ હજાર ત્રણસો છત્રીસ પુરા) નાં ૪૦% પેનલ્ટીની રકમ રૂા.૨૫,૦૦૦/– અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરાં સામાવાળા

માલીકે અરજદારને ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ આ અદાલતનુ માનવુ છે.

**૧૧.૪)** વધુમાં અરજદારે તેમની આંક–૧ ની અરજી તથા આંક–૯ ની જુબાનીના સોગંદનામામાં અકસ્માતમાં થયેલ ઈજાઓની સારવાર દવા ઓપરેશન પાછળ ઘણો ખર્ચ થયેલ હોય તેની માંગણી કરેલી છે પરંતુ અરજદારે દવા સારવાર અંગેના કોઈ બીલ કે પુરાવા રજુ કરેલા નથી. વધુમાં અરજદારે કેશોદ તથા જુનાગઢ મુકામે સરકારી દવાખાનામાં સારવાર કરાવેલ છે. આ સંજોગોમાં અરજદાર તેમની સારવાર અંગે ખર્ચ થયેલ હોવાની હકીકત સાબીત કરતા ન હોય, તેવી કોઈ રકમ મેળવવા અરજદાર હકકદાર બનતા નથી તેમ ઠરાવવામાં આવે છે. એ રીતે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ **મુદા નં.૬** પરત્વેનો જવાબ '**હકાર**' માં ઠરાવવામાં આવે છે અને **મુદા નં.૭** પરત્વે નીચે મુજબની આખરી હુકમ કરવામાં આવે છે.

## –::આખરી હુકમ::–

**(૧)** અરજદારનો હાલનો વર્કમેન કોમ્પેન્સેશન નોન ફેટલ કેસ નં.૧/૨૦૧૯ અંશત: મંજુર કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદારને આ કામના સામાવાળા અકસ્માતના વળતરની રકમ રૂા.૬૩,૩૩૬/– (અંકે રુપીયા ત્રેસઠ હજાર ત્રણસો છત્રીસ પુરા) ચુકવી આપવા જવાબદાર થાય છે તેમ ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામના અરજદાર આ કામના સામાવાળા પાસેથી વળતરની રકમ રૂા.૬૩,૩૩૬/– (અંકે રુપીયા ત્રેસઠ હજાર ત્રણસો છત્રીસ પુરા) ઉપર અકસ્માત થયાના એક માસ બાદ તા.૨૬/૦૭/૨૦૦૯ થી તા.૧૮/૧૦/૨૦૧૧ સુધી તથા વળતર અરજી રજીસ્ટર થયા તા.૧૧/૦૩/૨૦૧૯ થી વસુલ થતા સુધી ૯% લેખે સાદુ વ્યાજ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૪)** વધુમાં, વળતરની રકમ રૂા.૬૩,૩૩૬/– (અંકે રુપીયા ત્રેસઠ હજાર ત્રણસો છત્રીસ પુરા) ના ૪૦% લેખે રૂા.૨૫,૦૦૦/–(અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) પેનલ્ટીની

રકમ અરજદારને સામાવાળા ચુકવી આપવા જવાબદાર હોવાનુ ઠરાવવામાં આવે છે.

(૫) આ કામના સામાવાળાએ વળતર, વ્યાજ તથા પેનલ્ટીની તમામ રકમ સદર હુકમની જાણ થયે દિન.૩૦ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) અરજદારને આ અરજી ખર્ચની રૂા.૧૦૦૦/– સામાવાળાએ અલગથી ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૨૨મી, માહે: ઓગસ્ટ, સને: ૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૨૨/૦૮/૨૦૧૯.

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એકટ
એન્ડ જજ (સી.ડી.) લેબર કોર્ટ નં.૧,
જુનાગઢ. (૦૧૦૩૧)